# પરીક્ષા ગેરરીતી તપાસવા સીટની રચના

**પરીક્ષામાં ગેરરીતી અંગે સીટ ૧૦ દિવસમાં સરકારને રીપાર્ટ સુપ્રત કરશે : પ્રદિપસિંહ જાડેજા : સીટનો રીપોર્ટ ન આવે ત્યાં સુધી પરીક્ષાનુ પરિણામ જાહેર કરાશે નહીં : મુખ્યમંત્રીએ પરીક્ષાર્થીઓની રજુઆતને સ્વીકારી : ન્યાય આપવાની જવાબદારી સરકારની : પરીક્ષાર્થી નેતા સાથે આજે સીટની બેઠક યોજાશે : કોઇપણ ક્ષતિ ચલાવાશે નહીં : ગૃહરાજયમંત્રી**

ગાંધીનગર તા ૫

બિન સચિવાલયની પરીક્ષામાં ગેરરીતી થઈ હોવાના મામલે યુવાનો આગ બબુલા બન્યા છે. રાજયના વિવિધ શહેરોમાંથી બેરોજગાર યુવાનોએ ધામા નાંખી ન્યાયની માંગણી સાથે સરકાર સામે ઉગ્ર આંદોલન છેડતા સરકારે આખરે સમાધાનકારી વલણ અપનાવી પરીક્ષાર્થીઓને ન્યાય આપવાની જવાબદારી સ્વીકારી છે. જયારે પરીક્ષાના મામલે ગેરરીતી સંદર્ભે ઉદભવેલી સંખ્યાબંધ ફરિયાદો અંગે હકીકત પ્રકાશમાં આવે તેવા આશયથી સીટની રચના કરી છે. સીટ દ્વારા આગામી ૧૦ દિવસમાં રીપોર્ટ તૈયાર કરી દેવાશે. સીટનો રીપોર્ટ ન આવે ત્યાં સુધી પરીક્ષાનુ પરિણામ જાહેર કરાશે નહીં. જયારે આજે વિદ્યાર્થી નેતાઓની સીટના સભ્યો સાથે બેઠક પણ યોજાશે. તેમ પણ રાજયગૃહ મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ આજે જણાંવ્યુ હતુ.

ગૃહરાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાંવ્યુ હતુ કે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલી આ બિન સચિવાલય કલાર્કની પરીક્ષા રાજયમાંથી ૬ લાખ જેટલા યુવાનોએ આપી હતી.જયારે પરીક્ષા દરમિયાન ગેરરીતી થઈ હોવાનો આક્રોશ અને શંકા કુશંકા સાથે ગાંધીનગરમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ આંદોલનની રાહ અપનાવતા સમગ્ર મામલો સરકાર સમક્ષ આવ્યો હતો. પરીક્ષાર્થીઓએ મહાત્મા મંદિર પાસે આંદોલન માટે ભેગા થયા હતા. જયારે



મીડિયાના માધ્યમથી પરીક્ષાર્થીઓની વ્યાજબી માંગણીઓ સરકારના ધ્યાને આવતા કલેકટર તેમજ પોલીસવડાના માધ્યમથી સંયુકત ચર્ચા કરી હતી જયારે પરીક્ષાર્થીઓના હીતમાં રજુઆતનો સ્વીકાર કર્યો હતો. અને સમગ્ર ઘટનાને રાજકીય વળાંક આપવાનો પ્રયાસ કરતા તત્વોથી દુર રહી સરકારને સીધી વાત રજુ થતા મુખ્યમંત્રી વિજય

● અનુસંધાન પાન-૭ પર

## સરકારે પાંચ વર્ષમાં ૧ .૨૫ લાખ યુવાનોની ભરતી કરી છે : મુખ્યમંત્રી

ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ૧.૨૫યુવાનોની સરકારે ભરતી કરી છે. જયારે પોલીસના ૯ હજાર પૈકી ૮૧૦૦ ને નિમણુંક પત્ર પણ અપાયા છે. આગામી દિવસોમાં રાજયમાં ૧૨ હજારથી વધુ યુવાનોની પોલીસ વિભાગમાં ભરતી કરાશે. બિનસચિવાલય કલાર્ક ની પરીક્ષામાં ૩૯૦૦ ની ભરતી સામે રાજયમાંથી અંદાજિત ૬ લાખ જેટલા ઉમેદવારોએ પરીક્ષા આપી હતી જયારે આ પરીક્ષા દરમિયાન ગેરરીતી થઈ હોવાના આક્રોશ સાથે યુવાનોએ આંદોલન છેડયુ છે ત્યારે સરકારે પણ બેકફુટ પર જઈને સમગ્ર આંદોલનને આટોપી લેવા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા બેરોજગાર યુવાનોની સમસ્યાઓ દુર કરવા માટે તૈયારી દર્શાવી છે.

## સરકારે ચાર ઉચ્ચ અધિકારીઓની એસઆઈટીની રચના કરી

બિન સચિવાલય કલાર્કની ભરતી અન્વયે લેવાયેલી પરીક્ષામાં વ્યાપક ગેરરીતી થઈ હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. જયારે આ મામલે આંદોલન રાહે ગુજરાતના યુવાનોએ લડત આપતા આખરે સરકારે સીટની રચના કરી સમગ્ર મામલે યોગ્ય તપાસ કરવાનો નિર્ણય લીધો છે. આ સીટની સમિતિમાં ચેરમેન તરીકે સામાન્ય વહીવટ વિભાગના અગ્ર સચિવ કમલ દયાની , તેમજ સભ્ય તરીકે આઈ પી એસ મનોજ શશીધરન, ગાંધીનગરના રેન્જ આઈ જી મંયકસિંહ ચાવડા અને અધિક સચિવ જવલંત ત્રિવેદીનો સભ્ય સચિવ તરીક સમાવેશ કરાયો છે.

## પરીક્ષાર્થીઓની રજુઆત સંદર્ભે સમિતિ વિવિધ ૬ મુદે તપાસ કરશે

પરીક્ષામાં પેપર લીક થયાની ઘટના બની છે કે કેમ અને જો બની હોય તો કયા સેન્ટર પર તેની વિગતવાર તપાસ ● કોપી તેમજ ગેરરિતીની ઘટના બની છે કે કેમ તે અંગે તપાસ કરી પરીક્ષા સેન્ટરોના સી સી ટી વી ફુટેજ તપાસી અહેવાલ સુપ્રત કરાશે ● સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ અરજદારોની લેખિત મૌખિક રજુઆતો પણ સાંભળશે ● જયારે સમિતિ જરૂર જણાંય ત્યારે ગૃહ વિભાગ તેમજ સામાન્ય વહીવટ વિભાગની મદદ પણ લેશે

આ સિવાય પરીક્ષા સબંધિત અન્ય કોઈ સુચનો રજુઆતોની વિગતો પણ એસ આઈ ટી તપાસશે

## પરીક્ષાર્થી યુવાનો માટે શહેરમાં હોસ્ટેલ અને લાઈબ્રેરી બનાવવા પણ વિચારણા

પરીક્ષાને અનુલક્ષી અન્યાય થયો હોવાની લાગણી સાથે આંદોલનમાં જોડાયેલા યુવાનોની મુશ્કેલી દુર કરવા માટે સરકાર તમામ પ્રયાસ કરશે ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાંવ્યુ હતુ કે ગાંધીનગરમાં વિદ્યાર્થીઓ જુદી જુદી પરીક્ષાઓની તૈયારી કરી રહ્યા છે. શહેર બહારથી ગાંધીનગરમાં આવતા આ વિદ્યાર્થીઓને ઘણીબધી અગવડો પણ વેઠવી પડે છે. શહેરમાં ખાનગી મકાનમાં રહેવુ પડે છે. જેને ધ્યાને લઈ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રોજગારી ઈચ્છુક ઉમેદવારોને વાંચવા માટે વધુ સુવિધા મળી રહે તે મુજબ લાઈબ્રેરીમાં સુધારા વધારા કરવા પણ વિચારણા કરી હોવાનુ ગૃહમંત્રીએ જણાંવ્યુ હતુ તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે આ મામલે નવી લાઈબ્રેરી બનાવવા માટે પણ આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત આગામી દિવસોમાં હોસ્ટેલનુ નિર્માણ કરવા માટે પણ સરકારે વિચારણા હાથ ધરી છે.

## ઉમેદવારોનુ સમર્થન મેળવીને જ સમાધાન કર્યુ છે : વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ

બિન સચિવાલયની પરીક્ષામાં ગેરરીતી થઈ હોવાના મામલે યુવા ઉમેદવારો આગ બબુલા બન્યા છે. ઉગ્ર આક્રોશ સાથે ગાંધીનગરમાં આંદોલનની રાહે લડતના મંડાણ કરતા આખરે સરકારે આ મામલે સમાધાનકારી વલણ અપનાવી વિદ્યાર્થી નેતાઓની રજુઆતને સ્વીકારી હોવાનુ પણ આંદોલનકારી નેતા યુવરાજસિંહ જાડેજા , યુવરાજસિંહ ગોહીલ, હાર્દિક પ્રજાપતિ તેમજ ભાવસિંહ સરવૈયાએ જણાંવ્યુ છે. આ અંગે ઉમેદવારોના નેતા યુવરાજસિંહે જણાંવ્યુ હતુ કે સરકાર સાથે સમસ્યાનો હલ લાવવા આંદોલનકારી ઉમેદવારોનુ સમર્થન મેળવીને જ બેઠક કરવામાં આવી હતી જયારે સીટની રચનાના અંતે આ મામલે યોગ્ય તપાસ થાય તેવો પણ અમને વિશ્વાસ છે.બીજીતરફ આંદોલનકારી પરીક્ષાર્થીઓમાં આ વાતને અનુલક્ષીને બે ફાંટા પડયા હોવાના સંકેતો પણ મળી રહ્યા છે.

## આંદોલનની સાથે સાથે







- સવારથી સ્વર્ણીમ પાર્ક ખાતે ઉમેદવારોની ભારે જમાવડો જોવા મળ્યો હતો.
- શહેરના કોંગ્રેસના આગેવાનો ઉમેદવારોને મળવા માટે આવી પહોંચ્યા હતા
- ઉમેદવારો માટે થોડી થોડી વારે બિસ્કીટ-ચા અને પાણી આવતું હતું.
- દિવસમાં ત્રણ વાર સરકાર સાથે ઉમેદવારોના પ્રતિનિધી મંડળની મુલાકાત યોજાઈ હતી.
- માજી સૈનિક સંગઠનના સભ્યો આવી પહોચ્યા હતા અને ઉમેદવારોને ટેકો જાહેર કર્યો હતો.
- કરણી સેનાના ગુજરાત પ્રદેશ પ્રમુખ રાજ શેખાવતજી પણ ઉમેદવારોને મળવા માટે આવી પહોંચ્યા હતા અને સમર્થન આપ્યું હતું
- ગોપાલ ઈટાલીયા પણ સવારના સમયે ઉમેદવારોને મળવા માટે આવી પહોંચ્યા હતા.
- ઉમેદવારના પ્રતિનિધિ મંડળની સાથે જિલ્લા કલેકટર, રેન્જ આઈજી, જિલ્લા પોલીસ વડા તેમજ સીએમઓ ઓફિસના ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા થઈ હતી
- ઉમેદવારો એક વાગે મળવા ગયા હતા અને અઢી વાગ્યાના અરસામાં પરત ફર્યા હતા, પરંતુ ગણતરીની મિનીટમાં તેઓ પાછા ત્રણ વાગે મળવા માટે ગયા હતા.
- ઉમેદવારોએ રાત્રીના સમયે રામધુન, ભજન-કિર્તન અને દુહા-છંદ ગાઈને રાત પસાર કરી હતી.
- મહિલા ઉમેદવારોએ સગા-સ્નેહીજનો તેમજ બાંકડા પર રાત વિતાવી હતી.
- આંદોલન સ્થળે ગંદકી ના થાય તે માટે સતત સફાઈ થતી રહેતી હતી.
- બપોરે ઉમેદવારો માટે સેવ ટામેટાનું શાક અને રોટલીના ફુડ પેકેટ આપવામાં આવ્યા હતા.
- રાત્રીના સમયે પણ પોલીસ જવાનો ખડેપગે હાજર રહ્યા હતા
- ઉમેદવારોને લઈ સ્વર્ણીમ પાર્ક ખાતે ચા-પાણી અને નાસ્તાની લારીઓ ગોઠવાઈ ગઈ હતી.

## નાસ્તાના પેકેટ ખાઈને રાત પસાર કરી

સ્વર્ણીમ પાર્ક ખાતે ઉમેદવારોએ મોટીસંખ્યામા રાત્રીના સમયે હાજર રહ્યા હતા. પરંતુ જમવા માટે ફુડ પેકેટની વ્યવસ્થા કરાઈ હતી. જયારે કેટલાક સ્થાનિક આગેવાનો દ્વારા તેઓ માટે ચા-પાણી અને નાસ્તાના પેકેટ મોકલવામાં આવ્યા હતા. જેથી ઉમેદવારોએ નાસ્તાના પેકેટ ખાઈને રાત પસાર કરી હતી.

# સીટ નહિ, પરીક્ષા રદ કરો

**આંદોલનકારીઓમાં બે જુથ પડી જતા અનિર્ણાયક સ્થિતિમાં આંદોલન : સીટની રચનાથી સંતુષ્ટ જુથ પોતપોતાના ઘરે જવા રવાના : જ્યારે ઉગ્ર આંદોલનકારીઓ પરીક્ષા રદ કરવાની માંગ સાથે આંદોલન ચાલુ રાખવાની જાહેરાત કરી : હજુ અસંતુષ્ટ આંદોલનકારીઓના ગાંધીનગરમાં ધામા**



ગાંધીનગર, તા.૫

આંદોલનકારી યુવા નેતાઓની કલેકટર સાથેની વાટાઘાટો બાદ કરાયેલી સીટની રચના સામે આંદોલનકારોનું એક જુથ ખુલ્લેઆમ વિરોધમાં આવ્યું હતું. મોડીસાંજ સુધીમાં આંદોલનકારો બે છાવણીમાં વહેંચાયેલા સ્પષ્ટ રીતે દેખાતા હતા. એક જુથ સીટની રચનાથી સંતુષ્ટ થઈ નિષ્પક્ષ તપાસની માંગણી સંતોષાયાની જાહેરાત કરી હતી. જ્યારે બીજુ જુથ સીટની નહિ પરંતુ પરીક્ષા રદ કરવાની માંગણી પર મક્કમ હતું. આમ બંને પક્ષો પોતપોતાના તર્કો સાથે મિડીયા સમક્ષ રજૂઆત કરતા હતા. છેલ્લી માહિતી મુજબ સરકાર સાથે વાટાઘાટો કરનાર આંદોલનકારી નેતાઓને કલેકટર ઓફીસથી પોલીસ રક્ષણ હેઠળ ઘરે પહોંચાડાયા હતા. જેના પગલે આંદોલનકારીઓમાં ભારે આક્રોશ ફેલાયો હતો. આંદોલન અનિર્ણાયક સ્થિતિમાં પહોંચ્યું હતું. જોકે મોટો વર્ગ લડી લેવાના મુડમાં હોવાથી હજુ આંદોલન ચાલુ રહેશે એવું મનાઈ રહ્યું છે.

બિન સચિવાલય કલાર્ક પરિક્ષા રદ કરવા અંગે ઉમેદવારોએ છેલ્લા ૩૬ કલાક થી ગાંધીનગરમાં ધામા નાખ્યા છે. ગાંધીનગર શહેરના સ્વર્ણીમ પાર્ક ખાતે છેલ્લા ૨૪ કલાકથી ઉમેદવારો ભુખ્યા-તરસ્યા ન્યાય મેળવવા માટે હજ્જારોની સંખ્યામાં બેસી રહ્યા છે. શહેરમાં પડી રહેલી કડકડતી ઠંડીમાં પણ ઉમેદવારોનો વિશ્વાસ ડગ્યો નથી. ઉમેદવારોની મુખ્ય માંગણી છે કે પરિક્ષા રદ કરવાનો સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવે તે પછી જ ઉમેદવારો પોતાનું આંદોલન સમેટી લેશે. ત્યારે શહેરના સ્વર્ણીમ પાર્ક ખાતે આજે સવારથી જ ઉમેદવારોને મળવા માટે રાજકીય નેતા શંકરસિંહ વાઘેલા, હાર્દિક પટેલ, કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સહિત સ્થાનિક આગેવાનો ઉમટી પડ્યા હતા અને ઉમેદવારોની ન્યાયીક

● અનુસંધાન પાન-૭ પર

## અમિત ચાવડા અને હાર્દિક પટેલ આવતા ઉમેદવારોએ 'ગો-બેક'ના નારા લગાવ્યા



બિન સચિવાલયની પરિક્ષા રદ કરવાને મુદ્દે અડીંગો જમાવીને બેઠેલા હજ્જારો ઉમેદવારોને મળવા માટે બપોરના સુમારે ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા આવી પહોચ્યા હતા. જેને પગલે ઉમેદવારો આ આંદોલને રાજકીય રંગ ના આપો. કહીને ગો બેક ગો બેકના નારા લગાવતા અમિત ચાવડા થોડીવારમાં જતા રહ્યા હતા. જયારે હાર્દિક પટેલ ઉમેદવારોને મળવા માટે આવતા ગો બેક ના નારા લગાવી ઉમેદવારોએ વિરોધ પ્રદર્શીત કર્યો હતો.

## મુખ્ય સચિવ મુકીમ આજે વિડીયો કોન્ફરન્સથી જિલ્લાઓની સમીક્ષા કરશે

ગાંધીનગર, તા. ૫

રાજ્યના મુખ્ય સચિવ તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ અનિલ મુકીમ આજે કેન્દ્ર અને રાજ્ય સરકારની ફલેગશીપ યોજનાઓના અમલીકરણને લઈ તમામ જિલ્લાઓની સમીક્ષા વિડીયો કોન્ફરન્સ થકી કરશે.

મુખ્ય સચિવ દ્વારા રાજ્યમાં ટેકાના ભાવે ચાલી રહેલી વિવિધ પાકોની ખરીદી, સ્વચ્છતા અભિયાન, પ્રધાનમંત્રી આવાસ યોજના, સોલિડવેસ્ટ મેનેજમેન્ટને લઈ નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે આપેલા ચુકાદા પછી થયેલી અમલવારી, પ્રદૂષણ નિયંત્રણ અંગે જિલ્લાઓ દ્વારા થયેલી કામગીરી અને તૈયાર કરાયેલ એક્શન પ્લાનની ચર્ચા, રસીકરણની યોજના, સિંગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ કરવા માટે થયેલ અમલવારી તેમજ તેના નિકાલની વ્યવસ્થા, પોષણયોજના, મુખ્યમંત્રી એપ્રીન્ટીસ યોજના, શ્રમયોગી માનધન યોજના સહિતની યોજનાઓ અંગે સમીક્ષા કરશે.

મુખ્ય સચિવ દ્વારા વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જિલ્લાઓમાં અમલવારીની સમીક્ષા હાથ ધરાવાની હોવાથી તંત્રમાં આજે સતત દોડધામ રહેવા પામી હતી.


**નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી**
ડિઝાઈન, મેનેજમેન્ટ અને ટેક્નોલોજીની સંસ્થા
એનઆઈએફટી એક્ટ ૨૦૦૬ દ્વારા સંચાલિત વૈધાનિક સંસ્થા
કાપડ મંત્રાલય, ભારત સરકાર

**નિફ્ટ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વિશેષ નિઃશુલ્ક માર્ગદર્શન સેમીનાર**

ધોરણ ૧૨ અને સ્નાતક અભ્યાસક્રમના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓની ઉજ્જવળ કારકિર્દી માટે નિફ્ટ દ્વારા ડિઝાઈન, મેનેજમેન્ટ અને ટેક્નોલોજી અંગેના અભ્યાસક્રમો મારફત ઉત્તમ તક પૂરી પાડવામાં આવે છે. આ સંદર્ભમાં શનિવાર, તા. ૦૭/૧૨/૨૦૧૯ના રોજ નિફ્ટ કેમ્પસ, ઘ-૦ રોડ, ગાંધીનગર ખાતે બપોરે ૩:૦૦ કલાકે વિશેષ માર્ગદર્શન સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. સેમીનારમાં પ્રવેશ પરીક્ષા પદ્ધતિ, વિવિધ અભ્યાસક્રમો તથા ઉજ્જવળ કારકિર્દી અંગે માર્ગ દર્શન આપવામાં આવશે. જેનો અચૂક લાભ લેવા આચાર્યગણ, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ તથા વાલીઓને જાહેર નિમંત્રણ આપવામાં આવે છે.

**નિયામક**


# મહેસુલી કર્મચારીઓ નવમીથી અચોક્કસ મુદતની હડતાલ પર જશે

ગાંધીનગર, તા. ૫

ગુજરાત મહેસુલી કર્મચારી મહામંડળના પ્રમુખ વિરમભાઈ દેસાઈએ તેમના ચાલી રહેલા વર્ક ટુ રૂલ કાર્યક્રમ પછી પણ સરકાર દ્વારા કોઈ જ હકારાત્મક વલણ દાખવવામાં ન આવતાં આંદોલનને ઉગ્ર બનાવવાનો નિર્ણય જાહેર કર્યો છે.

આજે મહામંડળની બેઠક બાદ જારી કરાયેલ અખબારી યાદીમાં ૮મીએ યોજાનાર નાયબ મામલતદાર સંવર્ગની પરીક્ષાની કામગીરીનો મહેસુલી કર્મચારીઓ બહિષ્કાર કરશે તેમ જણાવ્યુ છે.

દેસાઈએ જણાવ્યુ છે કે ૯મી ડિસેમ્બરથી અચોક્કસ મુદતની હડતાલ પર તમામ મહેસુલી કર્મચારીઓ જશે અને તેની સીધી જવાબદારી રાજ્ય સરકારની રહેશે.

દેસાઈએ કહ્યુ છે કે અમારા પ્રશ્નો ઉકેલવામાં આવ્યા નથી એટલુ જ નહિ ચર્ચા અને રજુઆત કરવા ગયેલા કર્મચારી આગેવાનો સાથે ઉદ્ધતાઈભર્યુ વર્તન દાખવવામાં આવ્યુ છે તે પણ દુઃખદ છે.

તેમણે કહ્યુ કે અમારૂ આંદોલન ઉગ્ર થશે અને તે માટે સરકારનુ નકારાત્મક વલણ જવાબદાર છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com